# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટનં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં. એસજીજીયુ/એકેડેમિક/૨૦૨૧/૫૪૨૫ તા.૦૫/૦૪/૨૦૨૧

## પરિપત્ર : ૨૩૮૧

વિષય : ઓનલાઈન શૈક્ષણિક કાર્યના આયોજન બાબત..

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો તા.૧૯/૦૩/૨૦૨૧ નો પરિપત્ર ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા ઉપરોક્ત સંદર્ભ દર્શિત પરિપત્રથી રાજ્યની સરકારી યુનિવર્સિટીઓને જરૂરી સૂચનો પૂરા પાડવામાં આવેલ છે. જે ધ્યાને લઈ આપશ્રી દ્વારા કોરોનાના વધતા સંક્રમણમાં સર્વેની સલામતીના ભાગરૂપે પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઓનલાઈન શિક્ષણકાર્યનું આયોજન કરી શકાય. જે ધ્યાને લેવા વિનંતી છે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

બિડાણ : સંદર્ભ દર્શિત પરિપત્ર

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

કોરોના (Covid-19)ની વૈશ્વિક મહામારીને
કારણે ઉદભવેલ પરિસ્થિતિ અંતર્ગત
પોસ્ટલોકડાઉનમાં યુનિવર્સિટીઓ/કોલેજો
રી-ઓપન કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧
સચિવાલય, ગાંધીનગર
તા:૧૯/૦૩/૨૦૨૧

વંચાણે લીધા
(૧) શિક્ષણ વિભાગનો તા.૦૭/૦૧/૨૦૨૧નો સમાનાંકી ઠરાવ.
(૨) શિક્ષણ વિભાગનો તા.૦૪/૦૨/૨૦૨૧નો સમાનાંકી ઠરાવ

પરિપત્ર :-

નોવેલ કોરોના વાઇરસના સંક્રમણને લીધે રાજ્યમાં ઉદભવેલ પરિસ્થિતિમાં શિક્ષણ વિભાગ હેઠળની સર્વે યુનિવર્સિટીઓ/કોલેજો માટે વંચાણે લીધેલ ઠરાવોથી માર્ગદર્શક સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવી છે. પરંતુ હાલમાં કોરોના સંક્રમણને લીધે ઉદભવેલ પરિસ્થિતિમાં તમામ સરકારી/બિન સરકારી અનુદાનીત/ખાનગી કોલેજો તથા સરકારી/ખાનગી યુનિવર્સિટીઓ માટે નીચે મુજબ માર્ગદર્શક સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

- તા:૧૯/૦૩/૨૦૨૧ થી ૧૦/૦૪/૨૦૨૧ સુધી મેડિકલ/પેરા મેડિકલ સિવાયના નિર્ધારિત સ્નાતક કક્ષાના ઓફ લાઇન પરીક્ષાનો કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવે છે. રાજ્યની યુનિવર્સિટીઓ દ્વારા તે માટે નવેસરથી સમયપત્રક જાહેર કરવામાં આવશે.
- તમામ ઓફલાઈન/ફિઝિકલ રીતે શિક્ષણ તા.૧૦/૦૪/૨૦૨૧ સુધી મોકૂફ રહેશે અને તે દરમિયાન તમામ શિક્ષણ ઓનલાઈન આપવામાં આવશે.
- યુનિવર્સિટીઓની હોસ્ટેલો ચાલુ રહેશે અને વિદ્યાર્થીઓએ તેમના હોસ્ટેલ-રૂમમાં રહીને શિક્ષણ મેળવવાનું રહેશે.
- પી.જી. પરીક્ષાઓ/ઓફલાઈન ક્લાસિસ તથા પી.જી.ના તમામ પ્રેક્ટીકલ ચાલુ રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર મારફત)
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(P.T.O.)